SANDESH SURAT FRIDAY, 25•11•2016

# ભરચક વિસ્તારમાં મોબાઈલ સ્નેચિંગ કરનારો ઝડપાયો: ૧૫ ફોન કબજે કરાયા

- **ભેસ્તાન આવાસમાં રહેતો ખાબીદ શેખ કાદર શેખ રંગેહાથ પકડાયો**

સુરત તા.૨૪

ભરચક વિસ્તારમાં ચાલુ મોબાઇલે વાત કરતા લોકોના મોબાઇલ સેરવી લેવામાં માહેર બદમાશને પૂણા પોલીસે સરદાર માર્કેટ પાસેથી પકડી પાડયો હતો. પોલીસે ચોરીના ૧૫ મોબાઇલ કબજે કર્યા હતા. મળતી વિગતો પ્રમાણે મોબાઇલ સ્નેચીંગના વધી ગયેલા બનાવોને પગલે પૂણા પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ પરવટ પાટીયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે પોલીસ કર્મીઓ કિરીટસિંહ અને અસગરઅલીને બાતમી મળી હતી કે એક મોબાઇલ સ્નેચર સરદાર માર્કેટ પાસે કસબ અજમાવવા ફરકવાનો છે. જે માહીતીને આધારે પોલીસે વોચ ગોઠવી ખાબીદ શેખ કાદર શેખ (ઉ.વ.૨૮. રહે. ભેસ્તાન આવાસને પકડી પાડયો હતો.

આબીદ પાસેથી પોલીસે ચોરીના ૧૫ મોબાઇલ એમ કૂલ ૯૫,૩૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ખાબીદ ચાલુ બાઇકે કે ચાલતા ચાલતા મોબાઇલ પર વાત કરતા લોકોને શિકાર બનાવતો હતો. પોલીસે તેની ધરપકડ કરી હતી.